# ગુજરાતી સાહિત્ય સરિતા, હ્યુસ્ટન

## પ્રસ્તુત કરે છે... "કલમનો ઉત્સવ"



### હે કલમ

હે કલમ તમારી જીહ્વા પર ના કોઇ પ્રશસ્તિ ગાન હજો
પણ સતને મારગ સંચરતા શૂરવીરો નું સન્માન હજો.

હે કલમ તમારી વાણીમાં ના ચાટૂક્તિને સ્થાન હજો
પણ ખળ ખળ વ્હેતી ભાષાની એ મધુર મધુર મુસ્કાન હજો

હે કલમ કશુંક ત્યાં કોતરજો કે જે પર્વતને કાન હજો
જ્યાં ચટ્ટાનોનું શીલાલેખ બનવાનું સ્વપ્ન મહાન હજો

હે કલમ તમારૂ વાક્ય સૂર્યના પ્રથમ કિરણનું  સ્નાન હજો
તરણાં ટોચે પળભર પ્રગટે  એ ઝળહળ નું અભિમાન હજો

હે કલમ તમારા મંથનમાં ના કોઇ હળાહળ પાન હજો
પણ જનનીને વળગી પડતા એ બાળકનું પયપાન હજો.

- કૃષ્ણ દવે

## RSVP:

RSVP By
Sep. 15th, 2025

# પુસ્તક વિમોચન



દેવિકા રાહુલ ધ્રુવ

હું કોઈ પણ સ્ત્રીનું સાહિત્યસર્જન જોઉં ત્યારે મનોમન ઉત્સવ ઊજવતી હોઉં છું. દેવિકા ધ્રુવ ડાયસ્પોરાની એક વિશિષ્ટ કવયિત્રી છે. 'અહીં જ બધું' - કેટલાય સ્તરે - ઘણું બધું કહી જાય છે. શીર્ષકથી માંડીને અંત સુધી દેવિકાની કવિતાપ્રીતિ આપણને સતત સ્પર્શ્યા કરે છે. એણે અનેક સ્વરૂપોમાં અને વિધવિધ વિષયોમાં કામ કર્યું છે એ નોંધપાત્ર છે.

આજે દેવિકાનો સમગ્ર કાવ્યસંગ્રહ પ્રગટ થઈ રહ્યો છે. આ કાવ્યસંગ્રહને આવકારતાં મને અત્યંત આનંદ થાય છે. આ કવિતામાં જોવા મળતી કવયિત્રીની સંવેદનશીલતા અને સંવેદનક્ષમતા મારી જેમ સૌ કોઈને સ્પર્શશે એની મને ખાતરી છે. દેવિકા આ સોપાન પાર કરીને ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી મારી હાર્દિક શુભેચ્છા છે.



- પન્ના નાયક




## Date:

Sep. 21st, Sunday

## Time:

4:00 pm - 7:00 pm

## Place:

Clyde & Nancy Jacks Conf. Center
3232 Austin Pkwy
Sugar Land, TX